COMM. EXECUTION PETITION No.06/2026

## :: આંક–૦૧ તળે હુકમ ::

(૧) હાલની દરખાસ્ત ડિક્રી હોલ્ડર દ્વારા દાખલ કરેલ. સામાવાળાને નોટીસ કરતા નોટીસની બજવણી થઇ શકેલ નથી. તેવા બેલીફશ્રીના શેરા સાથે નોટીસ પરત આવેલ છે. ત્યારબાદ હાલની દરખાસ્ત આગળ ચલાવવા માટે ડિક્રી હોલ્ડર તરફે કોઇ પ્રયત્ન કરેલ નથી.

(૨) ડિક્રી હોલ્ડરે હાલની દરખાસ્ત તારીખ : ૨૧, જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ દાખલ કરેલ છે. આ તબક્કે, દરખાસ્ત અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના **Periyammal (Dead Thr. Lrs.) vs V. Rajamani And Anr. Etc on 6 March, 2025** ના ચુકાદામાં કરેલ આદેશ ધ્યાને લઇએ તો,

"*75. In view of the aforesaid, we direct all the High Courts across the country to call for the necessary information from their respective district judiciary as regards pendency of the execution petitions. Once the data is collected by each of the High Courts, the High Courts shall thereafter proceed to issue an administrative order or circular, directing their respective district judiciary to ensure that the execution petitions pending in various courts shall be decided and disposed of within a period of six months without fail otherwise the concerned presiding officer would be answerable to the High Court on its administrative side. Once the entire data along with the figures of pendency and disposal thereafter, is collected by all the High Courts, the same shall be forwarded to the Registry of this Court with individual reports.*"

(૩) નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો માનસહ વંચાણે લેતા, દરખાસ્ત દાખલ થયા બાદ ૬ માસમાં તેનો નિકાલ કરવાનું નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે. હાલના કેસમાં ડિક્રી હોલ્ડર તરફે હાલની દરખાસ્ત દાખલ થયા બાદ દરખાસ્ત આગળ

ચલાવવા માટે પુરતા પ્રયત્નો કરેલ નથી. તેવા સંજોગોમાં હાલની દરખાસ્ત ડિક્રી હોલ્ડરની ગેરહાજરીના કારણે ડીસમીસ થવાને પાત્ર હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) હાલની દરખાસ્ત ડિક્રી હોલ્ડરની ગેરહાજરીમાં **ડીસમીસ** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ–**૧૦ મી,** માહે–**એપ્રિલ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૪/૨૦૨૬

સ્થળ : ગોંડલ.

**(એચ.એ.ત્રિવેદી)**
એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ જજ,
ગોંડલ. **(GJ00591)**

H.P.BHATT
(GUJ.STENO.)